**C.C.No.1336-2023**

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ: | ૨૦/૦૯/૨૦૨૩ |
| નોંધ્યા તારીખ: | ૨૦/૦૯/૨૦૨૩ |
| નિર્ણય તારીખ: | ૦૬/૦૭/૨૦૨૬ |
| સમયગાળો : | દિ:૧૬,માસ:૦૯,વર્ષ:૦૨ |

**જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મું.ઓખામંડળ.**

**ફોજદારી કેસ નં.૧૩૩૬/૨૦૨૩**
**આંક–૩૫**

**ફરીયાદી:–** શ્રી સરકાર

**વિરુઘ્ઘ**

**આરોપી:–** ધુધાભા ગજુભા હાથલ
ઉ.વ.૪૬, ધંધો–ડ્રાઈવીંગ,
રહે.ઓખા બર્માશલ કવાર્ટસ મફતીયાપરા
શીવનગર,તા.દ્વારકા.જી.દેવભુમીદ્વારકા.

ગુનો: ઈ.પી.કો.કલમ–૨૭૯,૪૨૭ તથા એમ.વી.એકટની ૧૭૭, ૧૮૪,૧૮૭ મુજબ.

------------------------------------

શ્રી સરકાર તરફે પી.જે.માજીરાણા

આરોપી તરફે વિ.વ.શ્રી.એમ.એ.ડાયેગ્રા

------------------------------------

**-:: ઠ રા વ ::-**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા.૧૭/૦૮/૨૦૨૩ ના રોજ કલાક:૧૩:૦૦ વાગ્યે અને વીસ મીનીટના સુમારે પોતાનુ આઈશર કંપનીનો ટ્રક જેના રજી.નં. જીજે.૩૭-ટી-૩૯૬૬ વાળો બેફીકરાઈથી અને ગફલતભરી રીતે ચલાવી સરકારી એસ. ટી. બસ જેના રજી.નં.જીજે.૧૮-ઝેડ-૪૫૧૫ વાળી બસ સાથે અકસ્માત સર્જી બસમાં ડ્રાઈવર સાઈડમાં આગળનો કાચ તોડી તેમજ બસની જમણી બાજુએ ડ્રાઈવરની કેબીનથી પાછળના ભાગ સુધી સ્ક્રેચ પાડી સરકારી બસમાં નુકશાન પહોંચાડી ઈ.પી. કો. કલમ- ૨૭૯, ૪૨૭ તથા એમ. વી. એકટની ૧૭૭, ૧૮૪, ૧૮૭ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

(૨) સદરહું ફરિયાદ ઓખા મરીન પો.સ્ટે. પાર્ટ ''એ''ગુ.ર.નં.૧૧૧ ૮૫૦૦૬૨૩૦૪૮૮/૨૦૨૩ થી નોંધી લેવામાં આવેલ. ત્યારબાદ ત. ક. અમલદારે ગુનાની તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૩) આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી અદાલત રૂબરૂ

હાજર થતાં ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭ અન્વયે આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કરવામાં આવેલી. ત્યારબાદ આરોપી સામે આંક–૦૨ થી તહોમતનામું ફરમાવી આંક–૦૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા,આરોપીએ તેમની સામેનો આક્ષેપ કબુલ નહી હોવાનું જણાવતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિકમાં પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**::– મૌખિક પુરાવા –::**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી સુરેન્દ્રસિંહ બાલુભા જેઠવાની સોગંદ ઉપરની જુબાની. | ૦૬ |
| ૨. | પંચસાહેદ ભીખુભા રાયાભા હાથલની સોગંદ ઉપરની જુબાની. | ૦૮ |
| ૩. | પંચસાહેદ સમીરભાઈ સલીમભાઈ જાડેજાની સોગંદ ઉપરની જુબાની. | ૧૪ |
| ૪. | સાહેદ નીમીષાબેન એસ.પટેલની સોગંદ ઉપરની જુબાની. | ૨૮ |
| ૫. | સાહેદ નરેન્દ્રભાઈ ભગવાનભાઈ ટંડેલની સોગંદ ઉપરની જુબાની. | ૩૦ |
| ૬. | સાહેદ ગરીબભાઈ જુસબભાઈ માકોડાની સોગંદ ઉપરની જુબાની. | ૩૧ |

| | | |
|---|---|---|
| ૭. | ત.ક.અ. પી.આર.જાડેજાની સોગંદ ઉપરની જુબાની. | ૩૪ |

**::- દસ્તાવેજી પુરાવા -::**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૭ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૯ |

(૫) ત્યારબાદ ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ હેઠળ આરોપીનો(એફ.એસ.)લેવા પાત્ર વિશેષ નિવેદન લેવા પાત્ર કેસ જણાતો હોવાથી આરોપીનું વિશેષ નિવેદન લીધેલ. ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.પી.જે.માજીરાણા તથા બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રી.એમ.એ.ડાયેગ્રાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**-: મુદ્દા:-**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામનાં આરોપીએ તા.૧૭/૦૮/૨૦૨૩ ના રોજ કલાક:૧૩:૦૦ વાગ્યે અને વીસ મીનીટના સુમારે પોતાનુ આઈશર કંપની નો ટ્રક જેના રજી. નં. જી. જે. ૩૭- ટી- ૩૯૬૬ વાળો બેફીકરાઈથી અને ગફલતભરી રીતે ચલાવી સરકારી એસ. ટી.બસ જેના રજી.નં.જીજે.૧૮-ઝેડ-૪૫૧૫ વાળી બસ સાથે અકસ્માત સર્જી બસમાં ડ્રાઈવર સાઈડમાં આગળનો

કાચ તોડી તેમજ બસની જમણી બાજુએ ડ્રાઈવરની કેબીન થી પાછળના ભાગ સુધી સ્ક્રેચ પાડી સરકારી બસમાં નુકશાન પહોંચાડી ઈ. પી. કો. કલમ– ૨૭૯,૪૨૭ તથા એમ.વી.એકટની ૧૭૭,૧૮૪,૧૮૭ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત નિર્ણય અંગેના મારા ન્યાયિક નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી નિર્ણય મુજબ.

**:: કારણો ::**

**મુદ્દા નં.૧**

(૮) આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાનો આરોપી સામે આક્ષેપિત ગુન્હા સંદર્ભે મુલ્યાંકન કરવામાં આવે તો કામે આંક–૦૬ થી સુરેન્દ્રસિંહ બાલુભા જેઠવાને તપાસવામાં આવેલ છે તેઓએ ફરીયાદ મુજબની જુબાની આપેલ છે. તેઓ તેમની ઉ. ત. માં કબુલ રાખેલ છે કે બનાવ વાળી જગ્યાની બાજુમાં જકાતનાકા પાસે ત્રણ રસ્તા અને ગોળાઈ આવેલ છે તેમજ રોડ પર સતત વાહનોની અવર જવર રહે છે. આ રોડ સીંગલ રોડ છે તેમજ બનાવવાળા રોડ પર ખાડા ખબડા આવેલ છે હોવાના કારણે તમામ વાહનો ધીમે ચાલતા હોય છે તેમજ આઈસર ટ્રક

કેટલી હતી તે તેઓ કહી શકે નહી તેમજ તેઓ ટ્રક આઈસરનું સ્ટીયરીંગ ગાડીમાં ઉપર ચડી ચેક કરેલ તો સ્ટીયરીંગ બ્લોક થઈગયેલ હતું તેમજ કોઈપણ ગાડીનું સ્ટીયરીંગ બ્લોક થયેલ હોય તો અકસ્માત થઈ શકે. તેમના અને આઈસરના ચાલક સાથે બસના નુકશાનીના રકમ આપવા બાબે વાતચીત થયેલી ત્યારે તેમને ડેપો મેનેજરે બસની નુકશાનીના રૂ.૫૦ હજાર લેવાનું કહેલ તેમજ ડેપો મેનેજરે જે રકમ બસની નુકશાની માંગેલ તે રકમ આઈસર ચાલક આપવા તૈયાર ન થતા જેથી ડેપો મેનેજરને ફરીયાદ આપવાનું કહેતા તેઓએ ફરીયાદ આપેલી.

(૯) આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાનો આરોપી સામે આક્ષેપિત ગુન્હા સંદર્ભે મુલ્યાંકન કરવામાં આવે તો કામે આંક-૦૮ થી પંચસાહેદ ભીખુભા રાયાભા હાથલ તથા આંક- ૧૪ થી પંચસાહેદ સમીરભાઈ સલીમભાઈ જાડેજાનાઓને તપાસવામાં આવેલ છે.જેઓ પોલીસના કહેવાથી એક તૈયાર કાગળમાં સહી કરવાનું કરતા સહીઓ કરેલ,તે સિવાય બીજી કોઈ હકીકત જાણતા નથી.પંચમાનામાં સહીઓ કર્યા સિવાય પંચનામાની હકીકત વિશે તેઓ કાંઈ જાણતા નથી અને હોસ્ટાઈલ થયેલ છે અને ઉ.ત.માં કબુલ રાખેલ છે અને તૈયાર કાગળમાં સહી કર્યા સિવાય પંચનામાની હકીકત વિશે કાંઈ જાણતા નથી. આમ સદરહું બંને પંચસાહેદોની જુબાની ઉપરથી આંક-૦૯ નું સ્થાનિક જગ્યાનું પંચનામું પુરવાર થયેલાનું માની શકાય નહી.

(૧૦) આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાનો આરોપી સામે આક્ષેપિત ગુન્હા સંદર્ભે મુલ્યાંકન કરવામાં આવે તો કામે આંક–૨૮ થી સાહેદ નીમીષાબેન એસ. પટેલનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સને–૨૦૨૩ મા દ્વારકા ડેપો મા એસ.ટી બસ મા કંન્ડકટર તરીકે ફરજ બજાવતા હતા અને ત્યારે તેઓ ઓખાથી માધવપુર બસમા કંન્ડકટર તરીકે હતા તે દરમ્યાન તારીખ ૧૭/૦૮/૨૦૨૩ ના રોજ સવારે છ વાગ્યે ઓખા માધવપુર બસમા ઓખાથી માધવપુર જવા માટે નિકળેલ હતા અને તે વખતે તેમની સાથે ડ્રાઈવર તરીકે સુરેન્દ્રસિંહ બાલુભા જેઠવા હતા અને તેઓ તેમની બસ ઓખા આર. કે બંદર પાસે ૬:૨૦ વાગ્યે પહોંચતા સામે થી ટ્રક આવેલ અને તેમની બસને જમણી બાજુથી ઘસડીને નિકળેલ જેથી તેમની બસનો જમણી સાઈડ નો સાઈડ ગ્લાશ તુટી ગયેલ અને અમારી બસ ને લીસાટા પડેલ અને તે બનાવ મા કોઈ ને ઈજા થયેલ ન હતી એન આ બનાવ મા તેમની બસમા નુકશાન થયેલ જેથી અમારા બસ ના ડ્રાઈવર સુરેન્દ્રસિંહ એ અમારા ઉપરી અધીકારી ને ફોન કરી જાણ કરેલ અને ત્યાર બાદ તેઓએ આ બનાવ ની ફરીયાદ ટ્રક ના ડ્રાઈવર વિરૂધ્ધ આપેલ પોલીસ મારી પુછપરચ કરેલ છે અને મે પોલીસ ને બનાવ ની હકીકત લખાવેલ આ ટ્રક નો નંબર જી.જે ૩૭ ટી ૩૯૬૬ હતો અને બસ નો નંબર જી.જે ૧૮ ઝેડ ૪૫૧૫ હતો આ ટ્રક નો ચાલક ફાસ્ટ અને બે ફીકરાય થી ચલાવી આવતો હતો. આ બના વ વખતે મે ટ્રક ના ચાલક ને જોયેલ હતો.અને હાલ જોયેથી ઓળખી શકું.તેઓ તેમની ઉ.ત.માં જણાવે છે કે બનાવ બનેલ ત્યારે મને કન્ડકટર તરીકે એક વર્ષ

નો સમય થયો હશે. એ વાત ખરી છે કે બનાવ બનેલ તે જગ્યા ઉપર ત્રણ રસ્તા પડે  છે અને ગોલાઈ છે અને વાહાનો ની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે બનાવ વખતે રોડનુ કામ ચાલતું હતું અને રોડ ખાડા ખાબોચીયા વાળું હતુ. ટ્રક જે બાજુ થી આવતો હતો તે બાજુ નો રોડ બરાબર હતો. એ વાત ખરી નથી કે બનાવ બન્યો ત્યારે હું પેસેન્જર ની ટીકટ કાપતી હતી. એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારે હું બસ ની અંદર હતી. એ વાત ની મને ખબર નથી કે ટ્રકનો સ્ટેરીગ બ્લોક થઈ ગયેલ હતો કે કેમ. એ વાત ખરી છે કે આ બનાવ સવાર બન્યો હતો અને બનાવ સમયે થોડું અજવાડું હતું. એ વાત ખરી નથી કે બનાવમા કોની બેદર કારી હતી તે હું સ્પષ્ટ કહી શકું નહી.

(૧૧)આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાનો આરોપી સામે આક્ષેપિત ગુન્હા સંદર્ભે મુલ્યાંકન કરવામાં આવે તો કામે આંક–૩૦ થી સાહેદ નરેન્દ્રભાઈ ભગવાનભાઈ ટંડેલનાઓને તપાસવામાં  આવેલ છે.બનાવ સને–૨૦૨૩ મા બનેલો તે વખતે બપોરના ચાર સાડાચાર નો સમય થયેલ હશે. અને તે વખતે અમો રસ્તામા ઝાળ સિવતા હતા તેવામા અવાજ આવતા અમો રોડ ઉપર ગયેલ અને જોયુ તો રોડ ઉપર માણસોનુ ટોળુ ભેગુ થયેલ હતુ તેથી અમો પણ જોવા માટે ગયેલ અને જોયુ તો એક એસ.ટી બસને એક ટ્રક સાથે અકસ્માત થયેલ હતો અને આ બનાવમા કોઈને વાગેલ ન હતુ અને બસ ને એક સાઈડમા ટ્રક ઘસાએલ હોવાથી બસની ડ્રાઈવર સાઈડમા નુકશાન થયેલ હતુ અને તે સમયે બસનો

ડ્રાઈવેર અને એક બસની લેડીસ કન્ડેકટર ત્યા હાજર હતા અને આ બસ ઓખા થી ધ્વારકા સાઈડ જતી હતી અને આ બસ સરકારી હતી. આ બસ કે ટ્રકનો નંબર મને યાદ નથી. પોલીસે મારૂ તપાસના કામે નિવેદન લીધેલ તેઓએ આરોપીને કયારે જોયેલ ન હોય જેથી હું તેને ઓળખતો નથી. તેઓ તેમની ઉ.ત.માં જણાવે છે કે બનાવ બનેલ તે વખતે અમો બંદર મા હતા. એ વાત ખરી છે કે બસ તથા ટ્રક નો અકસ્માત થયેલ હોય તે મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ ન હોય જેથી અમો ચોકકસ ન કહી શકે કે આ બનાવ કોની બેદરકારી થી બનેલ હતો.

(૧૨) આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાનો આરોપી સામે આક્ષેપિત ગુન્હા સંદર્ભે મુલ્યાંકન કરવામાં આવે તો કામે આંક–૩૧ થી સાહેદ ગરીબભાઈ જુસબભાઈ માકોડાનાઓને તપાસવામાં આવેલ છે. બનાવ સને– ૨૦૨૩ મા બનેલો તે વખતે બપોરના ચાર સાડાચાર નો સમય થયેલ હશે. અને તે વખતે અમો ઓખા આર. કે બંદર થી મચ્છી ભરી ડાંલ્ડા બંદર તરફ જતા હતા ત્યારે તેવામા અવાજ આવતા અમો રોડ ઉપર ગયેલ અને જોયુ તો રોડ ઉપર માણસોનુ ટોળું ભેગું થયેલ હતું તેથી અમો પણ જોવા માટે ગયેલ અને જોયું તો એક એસ.ટી બસને એક ટ્રક સાથે અકસ્માત થયેલ હતો અને આ બનાવમા કોઈને વાગેલ ન હતું અને બસને એક સાઈડમા ટ્રક ઘસાએલ હોવાથી બસની ડ્રાઈવર સાઈડમા નુકશાન થયેલ હતુ અને તે સમયે બસનો ડ્રાઈવેર

અને એક બસની લેડીસ કન્ડેકટર ત્યા હાજર હતા અને આ બસ ઓખા થી ધ્વારકા સાઈડ જતી હતી અને આ બસ સરકારી હતી. આ બસ કે ટ્રક નો નંબર મને યાદ નથી. પોલીસે મારૂ તપાસ ના કામે નિવેદન લીધેલ તેઓએ આરોપીને કયારે જોયેલ ન હોય જેથી તેઓ તેને ઓળખતા નથી. તેઓ તેમની ઉ.ત.માં જણાવે છે કે એ વાત ખરી છે કે બસ તથા ટ્રક નો અકસ્માત થયેલ હોય તે મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ ન હોય જેથી અમો ચોકકસ ન કહી શકે કે આ બનાવ કોની બેદરકારી થી બનેલ હતો.

(૧૩)આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાનો આરોપી સામે આક્ષેપિત ગુન્હા સંદર્ભે મુલ્યાંકન કરવામાં આવે તો કામે આંક–૩૪ થીત.ક.અ. પી.આર.જાડેજાનાઓને તપાસવામાં આવેલ છે.હું છેલ્લા સાડા ચાર વર્ષથી ઓ.મ.પો.સ્ટે.માં પો.હેડ.કોન્સ. તરીકે ફરજ બજાવુ છું. ગઈ તા. ૧૭/૮/૨૩ ના રોજ ફરીયાદી સુરેન્દ્રસિંહ બાલુભા જેઠવા એ ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૪૨૭ તથા એમ.વી. એકટ કલમ – ૧૭૭, ૧૮૪ વિગેરેની ફરીયાદ પી.એસ.ઓ. રૂબરૂ જાહેર કરતાં પી.એસ.ઓ. એ સદરહું ફરીયાદ રજીસ્ટરે લઈ આગળની તપાસ અમોને સોંપતા,અમોએ સંભાળી લીધેલ. અમોએ તપાસના કામે બનાવવાળી જગ્યાએ જઈ પંચો રૂબરૂ બનાવ વાળી જગ્યાનું પંચનામુ કરેલ તેમજ લાગતાં વળગતાં સાહેદોના નિવેદન લીધેલા તેમજ તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાય આવતાં નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.આરોપીને હું ઓળખુ છું.

તેઓ તેમની ઉ.ત.માં જણાવે છે કે એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ત્રણ રસ્તા પડે છે. એ વાત ખરી નથી કે મેં તપાસના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. મારી તપાસમાં એવુ ખુલેલ નહીં કે અકસ્માત કરનાર ટ્રકનું સ્ટીયરીંગ લોક થઈ ગયેલુ. એ વાત ખરી છે કે કોઈપણ વાહનનું સ્ટીયરીંગ લોક થઈ જાય તો અકસ્માત થઈ શકે. એ વાત ખરી નથી કે મેં પોલીસ સ્ટે. માં બેસી પંચનામુ તૈયાર કરી, તૈયાર પંચનામામાં સહીઓ લીધેલ. એ વાત ખરી નથી કે મેં જાતે સાહેદોના નિવેદનો લખી લીધેલા. એ વાત ખરી નથી કે આરોપીની બેદરકારીના કારણે અકસ્માત થયેલો ન હોવા છતાં ખોટી તપાસ કરી, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે અને આજરોજ નામ. કોર્ટમાં સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

(૧૪) ભારતમાં પ્રવર્તમાન ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાતો પ્રમાણે પ્રોસીકયુશનને પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવા નો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતું હોય આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી ફરિયાદ

પક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહીં. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' એ. આઈ. આર. ૨૦૧૨ એસ.સી. ૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે,

"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in

Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

(૧૫) સદર આરોપી વિરૂધ્ધ આ ગુનાના કામે નજરે જોનાર સ્વતંત્ર સાહેદોનો સમર્થનકારી પુરાવો રજુ થયેલ નથી. તેમજ સદર ગુનામાં આ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ, તે વ્યાજબી શંકાથી પર ફરિયાદ પક્ષે પુરવાર કરેલ નથી, તેમજ રેકોર્ડ ઉપર લાવેલ નથી. ફરિયાદ પક્ષે તેનો કેસ સબળ અને વિશ્ર્વસનિય પુરાવાઓથી પુરવાર કરવાનો હોય છે,જયારે ફરિયાદ પક્ષનાં કેસમાં વ્યાજબી શંકાથી ઉપસ્થિત થતી હોય, તો તેનો લાભ આરોપીને આપવાનો હોય છે, ફરિયાદ પક્ષે જે મુજબ આરોપી વિરૂધ્ધ આક્ષેપો કરેલા હોય, તે અંગેનો પુરાવો પૂરો પાડવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે અને તે કેસનાં કોઈ પણ તબકકે ઓછી થતી નથી. ફોજદારી પ્રક્રિયાનો પ્રારંભ આરોપી નિર્દોષ છે, તેવા અનુમાન સાથે કરવામાં આવે છે, તે પણ નોંધવુ જરૂરી છે.

(૧૬) આ મુદ્દા સંદર્ભે પુરાવાની ચર્ચા કરતાં પહેલાં ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯ હેઠળ આરોપીને તકસીરવાન ઠરાવવા માટે

કેટલીક હકીકતો રેકર્ડ ઉપર મુકવી પડે તેની વિગતવાર તે નિષ્કર્ષ ઉપર આવતા પહેલાં કલમ–૨૭૯ તથા એમ.વી.એકટ ની કલમ–૧૮૪ ને જોવામાં આવે તો તેની વ્યાખ્યા નીચે મુજબ છે.

ઈ.પી.કોડ કલમ. ૨૭૯ :''સરીયામ રસ્તા ઉપર બેકાળજી થી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત''

જે કોઈ વ્યકિત માણસોની જીદંગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારી થી સરીયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહિના સુધીની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

કલમ–૧૮૪–બેફામ કે જોખમી રીતે વાહન ચલાવવા બાબત.

વાહન ચલાવવામાં આવતુ હોય તે જગાના સ્વરૂપ, સ્થિતિ અને ઉપયોગ તથા તે જગામાંના તે વખતના ખરેખરા ટ્રાફિકના પ્રમાણ અથવા ત્યાંના વાજબી રીતે અપેક્ષિત ટ્રાફિકના પ્રમાણ સહિત કોઈ કિસ્સાના તમામ સંજોગો ઘ્યાનમાં લેતાં, લોકો માટે જોખમી હોય એવી ઝડપે કે રીતે મોટર વાહન ચલાવનાર પહેલી વખત ગુનો સાબિત થયે,છ મહિના સુધીની કેદની,અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે, અને એવો ગુનો અગાઉ કર્યાના ત્રણ વર્ષની અંદર કરેલો ત્યાર પછીનો ગુનો સાબિત થયે બે વર્ષ સુધીની કેદની, અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને, અથવા એ બન્ને શિક્ષાને પાત્ર થશે. અર્થાત કલમ–૨૭૯ તથા એમ.વી. એકટની કલમ ૧૮૪ ને લાગુ

થવા માટે જે મુખ્ય તથ્ય છે તે છે.

૧)બેદરકારી કે ગફલતભરી રીતે વાહનનુ સંચાલન.

૨)તે વાહનનુ સંચાલન જાહેર રસ્તા ઉપર કરવુ.

૩)બેદરકારી કે ગફલતભરી રીતે વાહન ચલાવવાથી કોઈ માણસની જીંદગીનું જોખમ ઉભું થઈ શકે કે બીજા કોઈ માણસને ઈજા અથવા નુકસાન થઈ શકે.

(૧૭) આ સિવાય આ જ તથ્ય ઉપર માનનીય ઉચ્ચતમ ન્યાયાલય અને માનનીય ઉચ્ચ ન્યાયાલયના ચુકાદાઓમાં પ્રતિસ્થાપિત સિધ્ધાંતોને જોવામાં આવે તો તે મુજબ માત્ર ઝડપથી ચલાવવાથી ઈ.પી. કો.કલમ- ૨૭૯ અને એમ.વી.એકટની કલમ-૧૮૪ લાગુ પડતી નથી. માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે તેમના ચુકાદા આંધ્રપ્રદેશ રાજય બનામ સતીશ(૧૯૯૮)૮એ.સી.સી ૪૯૩ માં ઉપર વર્ણિત સિધ્ધાંત પ્રતિસ્થાપિત કરેલ છે જે નીચે મુજબ છે.

"4.Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either"negligence" or "rashness" by itself. None of the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". "High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case. In a criminal trial, the burden

of providing everything essential to the establishment of the charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur". There is evidence to show that immediately before the truck turned turtle, there was a big jerk. It is not explained as to whether the jerk was because of the uneven road or mechanical failure. The Motor Vehicle Inspector who inspected the vehicle had submitted his report. That report is not forthcoming from the record and the Inspector was not examined for reasons best known to the prosecution. This is a serious infirmity and lacuna in the prosecution case.

5. There being no evidence on the record to establish "negligence" or "rashness" in driving the truck on the part of the respondent, it cannot be said that the view taken by the High Court in acquitting the respondent is a perverse view. To us it appears that the view of the High Court, in the facts and circumstances of this case, is a reasonably possible view. We, therefore, do not find any reason to interfere with the order of acquittal. The appeal fails and is dismissed. The

respondent is on bail. His bail bonds shall stand discharged.

(૧૮) આજ રીતે માનનીય દિલ્હી ઉચ્ચ ન્યાયાલયે તેમના ચુકાદા અબ્દુલ સુભાન બનામ એન.સી.ટી.દિલ્હી રાજયમાં આજ સિધ્ધાંત પ્રતિસ્થાપિત કરેલ છે જે નીચે મુજબ છે.

18.1. In most cases I find that the site plans are not produced. Even the site plan that is produced is of a very unsatisfactory nature. It is, therefore, imperative that the investigating officer should be provided with maps of the roads drawn to scale so that accurate site plans can be produced in evidence for the appreciation of Courts .The exact point of impact as well as tyre skid marks and the point at which the vehicles come to rest after the collision should be demarcated clearly. The observations with regard to the length of tyre skid marks of the vehicles involved in the impact go a long way in indicating the speeds at which the vehicles were traveling . This would enable the Courts to examine the evidence in a much more objective manner and the Courts would not be faced with vague and subjective expressions such as "high-speed".

18.2. The mechanical inspection reports that are prepared are also, I find, in a majority of cases, of a very superficial and cursory nature. The inspection ought to be carried out by qualified personnel who are able to indicate in their reports the exact physical conditions of the vehicles. They should be able to point out with exactitude the damage suffered by the

vehicles as a result of the impact. The mechanical inspection report should indicate all tell signs of the collision such as the paint of one vehicle rubbing off on the other. It should also indicate as to whether the vehicles were mechanically sound or not prior to the impact so as to enable the Court to arrive at a conclusion as to whether the collision took place due to human rashness or negligence or mechanical failure beyond human control.

18.3. As a rule, photographs ought to be taken not only of the vehicles involved in the collision but also of the site and surrounding areas so that the exact topography can be easily discerned by Courts.

18.4. The prevalent weather conditions must be noted by the investigating officer. This would go to establish as to whether the road was slippery due to rain; whether there was poor visibility due to fog or mist etc.

18.5. Further more, the path of movement of the vehicles must be sought to be established in the course of investigation and not be left open to ambiguity and doubt as in the present case.

18.6. The drivers of the vehicle involved must also be subjected to tests to reveal whether they had consumed any intoxicants.

18.7. Proper investigation of such accidents would go a long way in aiding the criminal justice system in convicting those

who are guilty and acquitting those who are innocent. A shoddy investigation will only point in one direction and that is in the acquittal of all whether they are guilty or whether they are innocent. Because, no criminal Court would (and ought not to) convict any person merely on the basis of conjectures, assumption, probabilities. All elements of subjectivity need to be eliminated and the investigation should be such that, when a charge-sheet is filed, the Court is presented with a case which when taken objectively would lead to the inescapable conclusion that a conviction is maintainable.

(૧૯) ફરીયાદપક્ષે આ કામે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આ કામના ફરીયાદી તથા અન્ય પંચસાહેદોએ સોગંદ પરનો પુરાવો આપેલ છે. તેઓએ સોગંદ પરના પુરાવામાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થઈ શકે તેવો કોઈ સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ નજરે જોનાર કોઈ સાહેદને તપાસેલ નથી તેમજ આ કામે ફરીયાદપક્ષ અકસ્માતવાળો વાહન ચલાવતો હોવાની કડી જોડવામાં સફળ રહેલ હોવાનું જણાય આવતું નહી.આ કામે કહેવાતો અકસ્માતવાળો બનાવ આરોપીની બેદરકારી અને ગફલતભરી રીતે વાહન ચલાવવાના કારણે બનેલ હોય તે બાબતના માનવા લાયક પુરાવાઓ રજુ થયેલ નથી. આ કામે ફરીયાદ પક્ષ તરફે અકસ્માત બાબતે નજરે જોનાર સાહેદોનો સમર્થનકારી પુરાવો રજુ થયેલ નથી. આ કામે તપાસવવામાં આવેલ પંચસાહેદો પણ

ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપતા નથી અને તેઓની જુબાની ઉપરથી આંક– ૦૯ થી રજુ થયેલ સ્થાનિક જગ્યાનું પંચનામું પુરવાર થયેલાનું માની શકાય તેમ નથી.આમ આ કામના આ કામનાં આરોપીએ તા.૧૭/૦૮/૨૦૨૩ ના રોજ કલાક:૧૩:૦૦ વાગ્યે મીનીટ ના સુમારે પોતાનુ આઈશર કંપનીનો ટ્રક જેના રજી.નં.જીજે.૩૭–ટી–૩૯૬૬ વાળો બેફીકરાઈથી અને ગફલતભરી રીતે ચલાવી સરકારી એસ.ટી.બસ જેના રજી.નં.જીજે.૧૮.ઝેડ.૪૫૧૫ વાળી બસ સાથે અકસ્માત સર્જી બસમાં ડ્રાઈવર સાઈડમાં આગળનો કાચ તોડી તેમજ બસની જમણી બાજુએ ડ્રાઈવરની કેબીનથી પાછળના ભાગ સુધી સ્ક્રેચ પાડી સરકારી બસમાં નુકશાન પહોંચાડી ઈ.પી. કો. કલમ– ૨૭૯,૪૨૭ તથા એમ.વી.એકટની ૧૭૭,૧૮૪,૧૮૭ મુજબનો ગુન્હો કરેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી મુદ્દા. નં.૧ નો નિર્ણય નકારમાં આપી,મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવેલ છે.

## –:: હુકમ ::–

૧. આ કામના આરોપી ધુધાભા ગજુભા હાથલનાઓને ક્રિમીનલ કિ.પ્રો. કો.ક.૧૯૭૩ ની કલમ–૨૪૮ (૧) અન્વયે ઈન્ડીયન પીનલ કોડ ૧૮૬૦ કલમ–ઈ.પી.કો.કલમ–૨૭૯,૪૨૭ તથા એમ.વી.એકટની ૧૭૭,૧૮૪,૧૮૭ મુજબ મુજબના શિક્ષાપાત્ર

ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ક્રિ.પ્રો.કોડની ક.૪૩૭(એ) અન્વયે આગલા જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૦૬ મી માહે જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળ:ઓખા મંડળ.
તા.૦૬/૦૭/૨૦૨૬

**(વિમલ પ્રદીપકુમાર આચાર્ય )**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઓખા મંડળ.
**(જજ કોડ નં.જીજે–૦૧૪૪૫)**

**સ્ટેનોગ્રાફર:–રેખા.એ.ગોઢાણીયા**